ગાંધીનગર સમાચાર






## સલામી સવારની..

*સીમાડે મોરચા ખોલવાની શક્તિ આપે છે સંઘ,*
*પાયા વિના પણ બોલવાની શક્તિ આપે છે સંઘ,*
*વ્હાલા થવા ફીફાં ફોલવાની શક્તિ આપે છે સંઘ,*
*સત્ય અને ન્યાય તોલવાની શક્તિ આપે છે સંઘ...*
*(પરિકર ઉવાચ:)*

### હાઈકુ

*કરે બચાવ,*
*નાપાક આતંકનો*
*ઢાલ બનીને...*
*(જિન-પિંગ નો જાદુ)*

*વિભીષણો જ*
*ચોરી, લૂંટ, ખૂનના*
*હોય છે ભેદુ*
*(જાણ ભેદુઓ...)*

## ચિંતન

**સાધુ આયા પાહુના, માગે ચાર રતન**
**ધુની, પાની, સાથરા, સરધો સેતી અન.**

કબીર વાણીમાંથી ઉપરોક્ત સાખી લેવામાં આવેલ છે.

સાધુના સત્કારમાં ગૃહસ્થો ધન્યતા અનુભવે છે. સાધુ પાહુના એટલે મહેમાન બનીને આવે તો ચાર રત્નો માગે છે. કબીર જીવનની મૂળભૂત જરૂરિયાતોને રત્ન સાથે સરખાવે છે. ભૂખ્યો માણસ અન્ન ખાઈને તૃપ્તિ અનુભવી શકે છે નહીં કે સોનું-રૂપું ખાઈને. સાધુ ધૂણી રાખે છે. ખુલ્લામાં જીવજંતુથી રક્ષણ, રાની પશુ નજીક ન આવે, ભભૂતિથી ચામડી ચોખ્ખી રહે તે માટે ધૂણી ઉપયોગી છે. સાધુ તે ધૂણીનો ઉપયોગ ચમલ ચેતાવવામાં કરે તો ગેરવ્યાજબી છે. પાણી એ હવા પછીની આપણી મહત્ત્વની જીવન જરૂરિયાત છે. 'જળ એ જ જીવન' એવું સૂત્ર છે. સાથરા-સુવાની આરામની જગ્યા. દિનચર્યામાં નિદ્રા માટે યોગ્ય વ્યવસ્થા હોય તે આવશ્યક છે. કબીર શ્રદ્ધાપૂર્વક ભોજન આપવાની વાત કરે છે. દેખાદેખી કે પ્રલોભનથી સાધુના આદર સત્કાર કે સેવા થાય તો તેમાં દૂષણો પ્રસરે છે. સમાજને સતત જાગૃત રાખી સારા વિચાર અને ઉત્તમ આચાર તરફ દોરી જનાર સાધુ સાંસ્કૃતિક રક્ષક છે.

## સુવિચાર

- પ્રાર્થનામાં માંગણી મૂકવી એનો અર્થ એ છે કે તમને પરમશક્તિમાં વિશ્વાસ નથી - **સુરેશ દલાલ**
- આપણી ઈચ્છા મુજબ જ ઈશ્વર કામ કરે એવી અપેક્ષાને કારણે આપણે દુઃખી થઈએ છીએ - **એસ. ભટ્ટાચાર્ય**
- પ્રેમ, યુદ્ધ અને ક્રાંતિમાં માત્ર અસરકારક વિચારો જ જીતે છે - **પાબ્લો નેરૂદા**
- માણસો વર્ષ પૂરા જીવે નહીં, પણ ચિંતા હજાર વર્ષની કરે - **ચીની કહેવત**
- દયા અને ક્ષમા એ માનવધર્મનો અર્ક છે - **અખો જરથુષ્ટ્ર**
- તમે જો જીવનમાં સફળતા મેળવવા માગતા હો તો ધીરજને તમારો ઘાસ મિત્ર, અનુભવને સમીક્ષક, સાવધાનીને મોટો ભાઈ અને આશાને સંરક્ષક બનાવી લો - **જોસેફ એડિસન**
- આજનું ઔષધ : પીપરી મૂળ દૂધમાં ગરમ કરી પીવાથી શરદીમાં રાહત થાય છે.

**(સંકલન : દિપક વી. આસરા)**

## બોધકથા

સંત પુરુષનું ચરિત્ર, વાણી-વહેવાર જ એવાં હોય કે એમના દરેક શબ્દની શ્રોતા પર ઊંડી અસર પડે જ; કારણ કે એની આંખમાં અમી હોય અને વાણીમાં સરસ્વતી, હૃદયમાં પ્રેમ ભરપૂર હોય.

સંત રજબ પરવર દિગારના એવા જ બંદા હતા. સતત પ્રાર્થનામાં નિમગ્ન રહેતા.

ગામમાં એક જૂબેર નામનો જુઠ્ઠો, જુગારી, દારૂડિયો-લબાડી રહેતો હતો. બધા તેનાથી દૂર રહેવા પ્રયત્ન કરતા; એક દિવસ જુબેરથી ખૂબ જ ઢીંચાઈ ગયો. શરીરનું સમતોલપણું ગુમાવ્યું અને રસ્તાની બાજુ એ વહેતી ગંદા પાણીની નીકમાં પડ્યો. લોકોએ એને જોયો - ઓળખતાં હતાં તેથી કોઈએ તેના તરફ જોયું સુધ્ધાં નહીં.

સંત રજબ ત્યાંથી પસાર થયા. જૂબેરને ટેકો આપી ઊભો કર્યો. સ્વચ્છ પાણીથી નવડાવ્યો. બીજા કપડાં આપ્યાં. જૂબેર ભાનમાં આવ્યો. રજબે કહ્યું, ખૂદાએ તને શરીર નેક કામ માટે આપ્યું છે અને મોઢું ખૂદાની બંદગી માટે મળ્યું છે. શરાબ પી ને આ બંને વસ્તુઓ કુત્સીત ન કર. જૂબેરને રજબની વાણીની અસર થઈ. નેક ઈન્સાન થઈ ગયો.

# કેજરીવાલનું ગુજરાત સર કરવાનું દિવાસ્વપ્ન રોળાઈ ગયું

આમ આદમી પાર્ટીના સંસ્થાપક અને સર્વેસર્વા અરવિંદ કેજરીવાલ દિલ્હી બહાર પાર્ટીના વિસ્તરણ માટે ટાંપીને બેઠા છે. પંજાબમાં એમની પાર્ટીને ગત લોકસભાની ચૂંટણીમાં સારો પ્રતિભાવ સાંપડ્યો હતો. પોતે એટલા મહત્ત્વાકાંક્ષી કે દિલ્હીના મુખ્યમંત્રીપદેથી રાજીનામું આપી નરેન્દ્ર મોદી સામે વારાણસીની બેઠક પર ચૂંટણી લડવા પહોંચી ગયા હતા. કેજરીવાલની મહત્ત્વાકાંક્ષા એમના કદ કરતાં અનેક ગણી મોટી છે. તેથી તેઓ એમની નાનકડી પાર્ટીને રાષ્ટ્રીય ફલક પર ઊંચકવા સતત પુરુષાર્થ કરી રહ્યા છે. ગુજરાતમાં પ્રવેશવા માટે તેઓ કોઈ છીંડું શોધતા રહ્યા છે. અહીં બે જ પાર્ટીઓના વર્ચસ્વનો સિલસિલો રહ્યા કર્યો છે તે બાબત એમનાથી અજાણી નથી. એમને કનુભાઈ કલસરિયા જેવા સારા આગેવાનનો સહકાર પણ સાંપડ્યો છે, પરંતુ ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટી અને કોંગ્રેસ સિવાય ત્રીજું પરિબળ કયારેક કારગત નીવડ્યું નથી. અગાઉ ત્રીજા પરિબળ તરીકે વિકસવાના પ્રયાસો નિષ્ફળ ગયેલા છે. રતુભાઈ અદાણીએ કોંગ્રેસથી અલગ થઈને રાષ્ટ્રીય કોંગ્રેસ બનાવી હતી અને શંકરસિંહ વાઘેલાએ રાષ્ટ્રી જનતા પાર્ટી બનાવી હતી. બેઉનો કરુણ રકાસ થયો હતો. ચૂંટણી ટાણે ગુજરાતમાં રામવિલાસ પાસવાન, મુલાયમસિંહ યાદવ અને માયાવતીના પક્ષો તરફથી ઉમેદવારો ઊભા થઈ જાય છે, પરંતુ સમ ખાવા પૂરતા છોટુભાઈ વસાવા જેવા અપવાદરુપ ઉમેદવાર જદ(યુ) ના પ્રતીક પર જીત્યા છે અને તે પણ પાર્ટી કરતાં સવિશેષ એમની અંગત લોકપ્રિયતાના બળ પર. આમ આદમી પાર્ટી પ્રત્યે ગુજરાતના યુવા વર્ગને આકર્ષવા માટે કેજરીવાલે પાટીદાર આંદોલનનું છીંડું શોધી ગુજરાતમાં પગપેસરો કરવાનો કરેલ પ્રયાસ અંતે તો નિષ્ફળ જ રહ્યો છે. કેજરીવાલે પાટીદાર આંદોલનથી પ્રભાવિત મહેસાણા, અમદાવાદ, વડોદરા અને સુરતની મુલાકાત લીધી એમાં સુરત સિવાય કયાંક એમને આવકાર સાંપડ્યો નથી. સુરતમાં જંગી જાહેરસભા યોજી શક્યા તેને પણ સફળતા ગણવી કે કેમ એ પ્રશ્ન તો છે જ. ભારતીય જનતા પાર્ટીના શાસકને ઊખેડી ફેંકવા જરુરી એવું લોકસમર્થન આગામી ચૂંટણી સુધીમાં કેજરીવાલ અને એમના સાથીઓ જમાવી શકે એવી કોઈ દૂરની શક્યતા પણ દેખાતી નથી. અલબત્ત, કેજરીવાલ ઉમેદવારો જરુર ઊભા કરી દેશે, પરંતુ તે પૈકી બહુ ઓછા ચૂંટણીના છેલ્લા તબક્કા સુધી ટકી શકશે. ગુજરાતમાં ભાજપને પડકારી શકે એવી પાર્ટી ફક્ત કોંગ્રેસ છે. કોંગ્રેસને એની પોતીકી સમસ્યાઓ છે. એની પાસે કોઈ સર્વમાન્ય ચહેરો નથી, જેને આગળ કરીને ચૂંટણીની વૈતરણી સફળતાપૂર્વક પાર કરી શકે. નેતાઓ અંદરોઅંદર બાખડતા રહે છે, એથી પ્રજામાં પણ કોંગ્રેસની ઈમેજને સતત ઘસારો પહોંચતો રહ્યો છે. કેજરીવાલ પાટીદાર મતદારોના ધ્રુવીકરણ માટે હાર્દિક પટેલને સૌથી મોટો રાષ્ટ્રભક્ત ગણાવે છે અને હાર્દિક જેવી જ છોકરમતભરી ભાષામાં પાટીદાર આંદોલન પર ગોળીઓ ચલાવનાર 'જનરલ ડાયર' સામે મોરચો માંડવાની વાત કરે છે. કેજરીવાલે આગામી ચૂંટણીઓ 'અમિત શાહ વિરુદ્ધ ઑલ' હશે, એવી ભવિષ્યવાણી કરી છે. એમણે ભાજપ-કોંગ્રેસ વચ્ચે પતિ-પત્ની જેવો સંબંધ હોવાની થિયરી વહેતી કરી છે, જે મતદારોને કયારેય ગળે ઊતરી શકે એમ નથી. ગુજરાતમાં સ્ટ્રાઈક વિશેના પુરાવા રજૂ કરવાનું કેજરીવાલનું નિવેદન એમને ભારે પડ્યું છે. ગુજરાતમાં 'બટાકું' જેવું હુલામણું ઉપનામ મળ્યું છે. જે મોટી અપેક્ષાઓ સાથે કેજરીવાલે ગુજરાતનો પ્રવાસ ખેડ્યો હતો, તે મહદંશે બર આવી આવી અને નિર્ધારિત સમય પહેલાં જ એમણે ગુજરાતમાંથી રવાના થઈ જવાની ફરજ પડી છે. ગુજરાતમાં ત્રીજા પરિબળને વિકસવા માટે જરુરી એવું વાતાવરણ કે ભૂમિકા તૈયાર નથી થઈ શક્યાં ત્યારે ભારતીય જનતા પાર્ટી સામે જે સૌથી મહત્ત્વનો પડકાર છે તે કોંગ્રેસનો જ રહેવાનો છે. કમનસીબે કોંગ્રેસ એ પડકાર આપવા માટેની જરૂરી માનસિકતા કેળવી શકી નથી તે પણ એક હકીકત છે!

**તંત્રીસ્થાનેથી...**

# પી.સી.ઓ.ડી...આટલું જાણવું જરૂરી છે

થોડા દિવસ પહેલા અમે અમુક ડોક્ટર મિત્રો ચર્ચા કરી રહ્યા હતા. મુદ્દો હતો આજના યુગના ટેક્નોલોજીકલ અને લાઈફસ્ટાઈલના બદલાવ વિષેનો. તેમાથી અચાનક એક મુદ્દો ચર્ચાયો... આજના જમાનાનાં રોગોનો.

આપ જોશો તો ખ્યાલ આવશે કે છેલ્લા થોડા વર્ષોથી અમુક એવા રોગોએ પોતાનો દુષ્પ્રભાવ બતાવવાનો શરૂ કર્યો છે જે પહેલાના વર્ષોમાં (આજથી ૨૫-૩૦ વર્ષો પહેલા) ક્યાય દેખાતા ન હતા. જેમકે પી.સી.ઓ.ડી. (પોલી સિસ્ટીક ઓવેરીયન ડીસઓર્ડર). આજે પી.સી.ઓ.ડી. ભારતમાં ફીમેલ ઈન્ફર્ટીલિટી (સ્ત્રીને કારણે થતું નિઃસંતાનપણું) માટેનું સૌથી મોટું જવાબદાર કારણ છે. દેખીતી આ એક હોર્મોનલ રોગ છે પણ તેના પાછળ કદાચ આજની આધુનિક અર્બન લાઈફસ્ટાઈલ પણ કારણભૂત છે.

તો આ પીસીઓડી છે શું? પીસીઓડી એ હોર્મોનલ ડીસ્ટર્બન્સને કારણે થાય છે. સ્ત્રીઓની ઓવેરી એટલે કે બીજગ્રંથીઓમાંથી નિયમીતપણે અને ચોક્કસ માત્રામાં અમુક પ્રકારના હોર્મોનના સ્રાવ થતા હોય છે, જે સ્ત્રીઓમાં માસિકસ્રાવની નિયમીતતા તથા ગર્ભાધાનની પ્રક્રીયા માટે મદદરૂપ હોય છે. હવે જ્યારે આ હોર્મોનની પ્રક્રીયામાં ડીસ્ટર્બન્સ થાય વધુ પ્રીસાઈઝલી કહીએ તો બીજગ્રંથીઓમાં થી ઉત્પન્ન થતા 'એંડ્રોજન્સ' હોર્મોનનો સ્રાવ વધી જાય ત્યારે પીસીઓડી થાય. (એંડ્રોજન હોર્મોનનો સૌથી જાણીતો હોર્મોન એટલે ટેસ્ટોસ્ટેરોન. આ આમ તો પુરૂષો માટેનો છે, પણ તે સ્ત્રીઓમાં પણ હોય છે.)

તો પછી આ એંડ્રોજન હોર્મોન વધવાનું કારણ શું?... હાલ બે થીઅરીઓ દ્વારા આનો જવાબ મળે છે. એક તો લોહીમાં ઈન્સ્યુલીનની માત્રા વધી જવાથી તેની અસર બીજગ્રંથીઓ પર થાય અને એંડ્રોજન હોર્મોનનો સ્રાવ વધે અને બીજું આપણી પીચ્યુટરી ગ્રંથી દ્વારા ''લ્યુટીનાઈઝીંગ હોર્મોન'' ના વધારે પડતા સ્રાવથી પણ બીજગ્રંથીઓમાં થી એંડ્રોજનનો વધુ પડતો સ્રાવ થાય. પીસીઓડી આનુવંશિક પેટર્ન પણ ધરાવે છે. જો માતાને પીસીઓડી હોય તો તેની પુત્રીને પીસીઓડી થવાની સંભાવના વધે છે. આ ઉપરાંત વજન વધવાથી, સ્ટ્રેસ લેવાથી, બ્લડશુગર આદિથી પણ પીસીઓડી થવાની સંભાવના વધે છે.

પીસીઓડીના લક્ષણો જોઈએ તો તેનું મુખ્ય લક્ષણ છે બીજગ્રંથીમાં મોતીની માળા જેવી નાની નાની સીસ્ટ (ગ્રંથીઓ) જોવા મળવી. આ ઉપરાંત વજન વધવું (અને ખૂબ પ્રયત્ન કરવા છતા ન ઘટવું), માસિક અનિયમીત રહેવું, ચહેરા પર વાળ ઉગવા, ખીલ થવા આદિ મુખ્ય લક્ષણો છે. પીસીઓડીને કારણે થતી તકલીફોમાં મુખ્ય છે નિઃસંતાનપણું. પીસીઓડીને કારણે સ્ત્રીઓમાં ફલીનીકરણ માટે જરૂરી એવું પરિપક્વ બીજ નિર્માણ પામતું નથી. આથી પ્રેગનન્સી રહી શકતી નથી. આ ઉપરાંત વજન વધવાને કારણે તેમજ માસિકની અનિયમીતતાને કારણે પણ ઘણા બીજા દરદો ભોગવવા પડે છે.




હવે વાત કરીએ પીસીઓડીના ઈલાજની. આધુનિક ચિકિત્સાશાસ્ત્રમાં પીસીઓડીનો કોઈ કાયમી ઈલાજ નથી. ઈન્સ્યુલીનની માત્રા જાળવવા માટે તેમજ હોર્મોનને બેલેંસ રાખવા માટેની ટેમ્પરરી ટ્રીટમેન્ટ આપવામાં આવે છે જેથી તત્પુરતી રાહત મળે છે. આયુર્વેદની વાત કરીએ તો આયુર્વેદમાં પીસીઓડીનો સીધો રેફરન્સ મળતો નથી, પણ એનાલિસીસ કરતા ખ્યાલ આવે કે પીસીઓડી કફ અને વાયુ જનીત રોગ છે, અને આ દ્રષ્ટિએ જોતા આયુર્વેદમાં પીસીઓડીનો ઈલાજ છે. આયુર્વેદિક ટ્રીટમેન્ટ સમય માગી લે છે, દર્દીની ધિરજની કસોટી થાય પણ રિઝલ્ટ મળે છે. ઔષધો જેવાકે વરૂણ, શતાવરી, દશમૂલ, ગળો, હરડે, મામેજવો, કુવારપાઠું આદિ નિયત માત્રામાં તેમજ વ્યક્તિની પ્રકૃતિને અનુસરીને આપવામાં આવે તો સારા પરિણામો મળી શકે. આ ઉપરાંત વજન ઘટાડવું ખૂબ જ જરૂરી છે. યોગ્ય આહારનું સંયોજન અને નિયમીત વ્યાયામ ખૂબ જરૂરી છે.

જરૂર પડ્યે એલોપેથીક દવાઓ, નિયમીતપણે આયુર્વેદિક દવાઓ, ડાએટ કંટ્રોલ, વ્યાયામ અને યોગ-પ્રાણાયામ... આટલી ચિકિત્સા પધ્ધતિઓને ધિરજપૂર્વક અનુસરવાથી પીસીઓડીમાં ચોક્કસથી ફાયદો થઈ શકે.

- contact@atharvaayu.com

# ગોરાડુ જમીનમાં, કાળા મગની ખેતી

ભગવતીકુમાર શર્મા આપણા ખુબ સારા નવલકથા લેખક છે. સમયદ્વીપ, ઉર્ધ્વમૂલ અને અસૂર્યલોક જેવી નવલકથાઓ વાચકો અને વિવેચકોએ ખુબ વખાણી છે. તેઓ જેટલા સારા નવલકથાકાર છે એટલા જ સારા કવિ છે. 'એમના છંદો છે પાંદડાં જેનાં' કાવ્યસંગ્રહે ઘણી પ્રશંસા પ્રાપ્ત કરી છે. એ પછી એમને 'ઝળહળ' કાવ્યસંગ્રહ આપ્યો. એના પહેલા જ કાવ્યમાં કેટલી સહજતાથી લખ્યું છે :

મારે રૂદિયે બે મંજીરાં;
એક જૂનાગઢનો મહેતો, બીજી મેવાડની મીરાં...

શર્માએ પત્રકારત્વ નિમિત્તે અસંખ્ય નિબંધો લખ્યા છે. તેના દસ જેટલા સંગ્રહો બહાર પડ્યા છે. લલિત નિબંધ, ચિંતનાત્મક નિબંધ અને હળવા નિબંધ એમ બધા પ્રકારો એમના હાથે અનાયાસ લખ્યા છે. 'પરવાળાની લિપિ' નિબંધ સંગ્રહ ૧૯૯૫માં પ્રસિદ્ધ થયો હતો. ચંદ્રકાન્ત બક્ષીએ એક જગ્યાએ લખ્યું છે કે આપણી ગુજરાતી ભાષામાં ક્રિયાપદો બહુ થોડાં છે અને વિશેષણો ઘણાં છે. આ વાતને શર્મા તેમના નિબંધો 'વિશેષણોનો દુરુપયોગ : રાષ્ટ્રીય રોગ!' માં કેવી મઝાથી નિરુપે છે તે જોઈશું?

'મારો પરિચય કોઈક 'સાહિત્યકાર' તરીકે આપે છે. ત્યાં સુધી તો ઠીક છે; જો કે 'સાહિત્યકાર'ની ઓળખચિઠ્ઠી યે મને કંઈક વધારે પડતી લાગે છે, છતાં તે હું વિભાવી લઉં છું. પણ હમણાં હમણાં મારા નામની આગળ કયારેક 'મૂર્ધન્ય સાહિત્યકાર'નું પૂછડું લગાવડામાં આવે છે ત્યારે મને શબ્દશ-મરવા જેવું લાગે છે. આ હું કશી જ કુત્રિન નમ્રતા વગર કહી રહ્યો છું. જો હું પણ 'મૂર્ધન્ય સાહિત્યકાર' લેખાઉં તો પછી વિષ્ણુપ્રસાદ ત્રિવેદી, ઉમાશંકર જોષી કે સુરેશ જોશી માટે આપણે કયા વિશેષણો પ્રયોજીશું? 'મૂર્ધન્ય સાહિત્યકાર'નું લૅબલ લગાડનારા તો બિચારા ભોળા ભાવે, સદ્ભાવપૂર્વક અને ગતાનુગતિક રીતે તેમ કરતા હશે. તેઓની લાગણીનો અનાદર ન કરી શકાય. મૂર્ધન્ય શબ્દના સાચા અર્થથી પણ કદાચ તેઓ અભિજ્ઞ નહીં હોય. મને યાદ છે ત્યાં સુધી 'મૂર્ધન્ય' શબ્દનું વિશેષણ આપણી ભાષામાં પહેલવહેલું ઉમાશંકર જોશી માટે પ્રયોજાયું હતું અને તેમાં ઔચિત્ય પણ હતું. પણ ઉમાશંકરભાઈના નિધન પછી એક રૂઢ પરિપાટી રૂપે લોકો 'મૂર્ધન્ય'નો પ્રયોગ વધારે પડતી ઉદારતાથી કરવા લાગ્યા અને આજે લગભગ એવી સ્થિતિ છે કે જેટલા સાહિત્યકાર તેટલા બધાને 'મૂર્ધન્ય' બનાવી દેવાયા છે! તો પછી ખરેખર 'મૂર્ધન્ય' કોણ? કેટલા?

વર્તમાનપત્રમાં આ કોલમ વાંચી નવસારીના લેખક-પત્રકાર ચંદ્રકાન્ત પંડ્યાએ બહુ સરસ પ્રતિભાવ આપ્યો. એમણે વળી આવો બીજો પ્રસંગ રજૂ કર્યો, એ પણ વાંચો :

'કવિ - વિવેચક બ.ક.ઠાકોરને ભાવનગરની શામળદાસ કૉલેજમાં પ્રવચન માટે બોલાવેલા. વિષય પોતે સ્થળ ઉપર પ્રાસંગિક પ્રવચનો ઉપરથી નક્કી કરશે એમ બ.ક. ઠાકોરે જણાવેલું. તે વખતે શામળદાસ કૉલેજમાં ગુજરાતના એક જાણીતા કવિ નાથાલાલ દવે અભ્યાસ કરતા હતા. તેમણે બ.ક.ઠાકોરનો પરિચય આપતાં જણાવેલું છે, 'ગુજરાતના મહાકવિ આપણે ત્યાં આવ્યા ને આપણું સદ્ભાગ્ય છે' વગેરે વગેરે...

અને બ.ક. પ્રવચન કરવા ઊભા થયા. ઘોઘરા અને અસલ મિજાજ સાથે એમણે કંઈક આવું કહ્યું : 'આપણે ગુજરાતીઓ ડંફાસિયા ફૂલણજીઓ - ખુશામતખોરો છીએ. વિશેષણનો કયાં કેવો ઉપયોગ કરવો એનો વિવેક પણ આપણે જાણતા નથી. અહીં મારા પરિચયમાં મારા માટે 'ગુજરાતના મહાકવિ' એવું વિશેષણ વાપર્યું તે ખોટું - તદ્દન ખોટું છે. ગુજરાતના મહાકવિ એક અને તે પ્રેમાનંદ - હું નહિં. ગુજરાતી સાહિત્યમાં હું જીવીશ તો વિવેચક તરીકે - કવિ તરીકે નહીં.'

ચંદ્રકાન્ત પંડ્યાએ આ પ્રસંગ આપ્યા પછી વધારામાં લખ્યું છે કે હાલના વાતાવરણમાં બહુ બંધબેસતું છે. 'સાહિત્યકારો-કવિ માટે થતી અતિશયોક્તિની જેમ રાજકારણમાં 'લોકલાડીલા નેતા' એવા વિશેષણો ભ્રષ્ટાચારી કે ગુંડા જેવા નેતાઓ માટે એના ચમચાઓ વાપરે છે એ સાંભળી કે વાંચી રડવું કે હસવું?




ભગવતીકુમાર એમના નિબંધમાં 'મૂઠી ઊંચેરા' વિશેષ માટે વિસ્તારથી લખ્યું છે. એવું જ સરસ 'વિરાટ', 'બુદ્ધિજીવીઓ', 'સર્વોત્તમ', 'નરકેસરી' એવા વિશેષણો બાબતે પણ ઝીણવટભરી છણાવટ કરી છે એવું એક વળગણ 'બીજા'નું છે. ઓસ્ટ્રેલિયામાં કોઈ બેટ્સમેન ઉપરાછાપરી સદીઓ ફટકારે એટલે બધા એને 'બીજો બ્રેડમેન' કહેવા માંડે. સચિનની શરુઆત સમયે મીડિયાવાળા એને 'બીજો ગાવસ્કર' કહેતા હતા. સચિન તો ગાવસ્કરને ઘણો પાછળ મૂકી 'ક્રિકેટનો ભગવાન' બની ગયો. હવે અત્યારે ઘણા ચેતેશ્વર પૂજારાને 'બીજો રાહુલ દ્રવિડ' કહેવા લાગ્યા છે. રાહુલને વળી આપણે 'દિવાલ' નહોતા ગણતા?

આવી રીતે મહાત્મા ગાંધી, સરદાર કે સુભાષ તો ભાઈ એક જ હોય ને? 'બીજા સરદાર' કયાંથી થવાના? પણ સ્વાર્થી પ્રશંસકો એમ માને ખરાં?

ભગવતીકુમાર શર્માએ 'કાળા મગની ખેતી - અખબારી ગીત' લખ્યું છે, તે વર્તમાનપત્ર સાથે જોડાયેલા ભાઈબહેનોને તો મઝા કરાવશે, આથોસાથ આપ સૌને પણ ગમશે. એવી આશા તો છે, જોઈએ શું થાય છે?

### કાળા મગની ખેતી – અખબારી ગીત

જમીન તો ગોરાડુ, એમાં કાળા મગની ખેતી;
આઠ વિઘાના ખેતર ઉપર હળ હાંકે ગામેતી.
વેંત એકના હળમાં ભૂરું ચોમાસું મોંફાટ;
વીજકડાકા, જોણાંનાં વાદળની હડિયાપાટ.
ધબકારે, ધિંગાણે ધરતી મબલખ મ્હોરી રહેતી...
ખેતર શેઠે ખસૂડિયાને કરડ્યા અમથાલાલ;
ડાંગર પેટે ફટફટ ફણગી તલકચંદની ટાલ,
આઠ વિઘાને ખેતર નીપદે દનદન નવલી કહેતી...
ગોફણ પર પંખીના માળા, પથ્થર પર કેસૂડાં;
બાવળની ડાળીએ ઝૂલે મોઘમના મધપૂડા,
સમડીના પાંખે સાંઢણિયું ચક્કર ચકરી લેતી;
જમીન તો ગોરાડું, એમાં કાળા મગની ખેતી...

**- ભગવતીકુમાર શર્મા**

# આપની સાથે અમે ચાલ્યા, અને ચાલી ગયા! જગ અને જગદીશ કેરા પ્યારને અમે પામી ગયા!

અદ્વિતીય ઓક્ટોબર...

વીસમી સદીના બે યુગપુરુષો : પૂ. મહાત્મા ગાંધી અને પ.પૂ.પાંડુરંગશાસ્ત્રી આઠવલેનો જન્મદિન

બીજી ઓક્ટોબર 'અહિંસાદિન'. ઓગણીસ ઓક્ટોબર 'મનુષ્ય ગૌરવદિન'

આ બંને યુગંધરોનું જીવન – કાર્ય ખરેખર મૂલવવા જેવું ખરું!!

આ બંને મહામનિષીઓ અસામાન્ય છતાંયે સાવ સામાન્ય મનુષ્ય તરીકે નમ્રમાં નમ્ર જીવન જીવી દેખાડ્યું.

મહાત્માજીએ ગુલામીમાં ઘેરાયેલા, અંધશ્રદ્ધા – વહેમ – પાખંડમાં પૂરાયેલા ભીરુ જનમાનસને સત્ય – અહિંસા – પ્રેમ અને નિર્ભયતાના પાઠ ભણાવી ઘૃણાજનક પરિસ્થિતિમાંથી બહાર કાઢ્યા. ગાંધીએ લોકમાનસમાં અનોખું આત્મબળ જગાડ્યું. મા ભોમની મુક્તિ કાજ લોકો ધન-મન-ન્યોછાવર કરવા અધીરા થયા. સામી છાતીએ ગોળીઓ ઝીલી શહાદત વહોરવા લાગ્યા. ગાંધીએ દેશભરમાં રાષ્ટ્રભાવનાનો પ્રાણ ફૂંક્યો. પરિણામે આઝાદી મળી...મહાત્માજીએ આઝાદીનું લક્ષ્ય કરવા જે આત્મિકબળ જોઈતું હતું તે નિર્માણ કરી શક્યા... પરંતુ આઝાદી પ્રાપ્તિ બાદ ગાંધી વિચાર ઓસરવા લાગ્યો... ધીરે ધીરે ગાંધી યુગ આથમી ગયો... આજે તો ગાંધી વિચારસરણી ઉપેક્ષિત થતી છે... દેશભક્તિનો પાનો ચડાવનારું આ વ્યક્તિત્વ એક આદર્શ ખ્યાલમાં ગયું. ગાંધી ગયા હવે સમાજ પરિવર્તનની કોઈ સંભાવના નથી... પરંતુ જયારે આજથી લગભગ ત્રણેક દાયકા પૂર્વે પાંડુરંગ શાસ્ત્રીનું કાર્ય જોયું... તેમના વિશિષ્ટ પ્રયોગો નિહાળ્યા એમને પ્રત્યક્ષ માણવાનો લ્હાવો સાંપડ્યો પછી તો એમના કાર્યનો રંગ લાગ્યો... તેમના સાહિત્યનો અભ્યાસ કર્યો. ત્યારે મનમાં એક આશા બંધાઈ કે જાગતિક જરૂરિયાત રૂપે અવતરેલ આ મહામાનવની વિચારધારા જો ઊંડા મૂળ ઘાલીને વ્યાપક થશે તો આવનારા ભવિષ્યમાં માત્ર ભારત જ નહિ સમગ્ર વિશ્વને અજવાળશે.

પૂ. પાંડુરંગ શાસ્ત્રી આઠવલે (પૂ.દાદા) વીસમી સદીના વીસમા વર્ષે દસમા મહિનાની ઓગણીસ તારીખે અવતરેલું સંસ્કૃતિમાતાનું વ્હાલું બાળક. આઠવલેકૂળની મૂલ્યનિષ્ઠાનું નવનીત એટલે પૂ.દાદા. પાંચ પેઢીનું તપ અને ત્રણ પેઢીની વિચારનિષ્ઠાનો પરિપાક એટલે પૂ.દાદા.

દોસ્તો, પાંડુરંગ શાસ્ત્રીના દાદા લક્ષ્મણરાવ હરિજનવાસમાં ''મનાચે શ્લોક'' ભણાવવા જતા. આપણા ભક્ત કવિ નરસિંહ મહેતાની યાદ અહી આવી જાય. દરરોજ રાત્રે ગામલોકોને જ્ઞાનેશ્વરી ગીતાનો પ્રવચન દ્વારા રસપૂર્ણ પરિચય કરાવતા. ત્યારે પાંચ વર્ષનો બાળ પાંડુરંગ હાથમાં ફાનસ પકડી પ્રેમાળ દાદા પાસે એકાગ્રતા પૂર્વક બેસતો. પૌત્ર પાંડુરંગના માથે વહાલથી હાથ ફેરવતા. (દાદા લક્ષ્મણરાવ) કહેતા ''બેટા! તારે પણ મોટા થઈ આ કામ કરવાનું છે.'' બાળપણથી લાધેલી ગીતાવિચારની સુવાસ યુવાન પાંડુરંગે ગીતા સંદેશ દ્વારા ઘેર ઘેર પહોંચાડી. પાંડુરંગ શાસ્ત્રીના પ્રાણવાન પૂર્વજોએ હરિજન વાસમાં જવાની હિંમત કરી જ્યારે તેજસ્વી પાંડુરંગે તો હરિજનને ભાવલક્ષી આદિવાસી નહિ વનવાસી, માછીમારોને સાગરપુત્રો અરે વાઘરી એટલે વાસુદેવ ઘનશ્યામને રીજવનાર – કહી ઉછંગે લીધા. પારિવારિક ઐક્યથી જોડ્યા.

ઉધાર લેવું નહિ, ઉછીનું માગવું નહિ, લોકો દયા ખાય તેવું જીવન જીવવું નહિ, શરીરને કષ્ટ પડે તેવું વ્રત લેવું નહિ – બાળપણમાં મળેલા આ વ્યવહારિક જીવનવ્રતો તેજસ્વી પાંડુરંગે જીવનભર પાડ્યા.

''કાયા બની ચંદન''માં પૂજ્ય દાદાનું જીવન કવન ઉકેલ્યું.... સાચે જ એક રોમાંચક સફરની અનુભૂતિ થઈ!

દોસ્તો, પૂજ્ય મહાત્મા ગાંધી જ્યાં અટક્યા ત્યાં પૂજ્ય દાદા ભક્તિની બેઠક પર વધ્યા... સફળ થયા ને સમાજને સુફળ ધર્યા..... પૂ.પાંડુરંગ શાસ્ત્રીની અનન્ય ઈશ શ્રદ્ધા અને હામ જોઈ કવિ શ્રી ઉમાશંકર જોશીની માર્મિક કાવ્ય પંક્તિઓ યાદ આવે છે.

''અમારી યુગલક્ષ્ય કૂચ મહી કોઈ રડતા નથી.
ચીલા સકલ છોડી, તોડી સહુ માર્ગજાળા જુઠાં
ધરાતલ અતૂલ પંથહીણ પંથ લીધો અમે.
ધપી અદમ પૌરુષે કદમકૂચ ખેડી રહ્યા.''

વૈદિક વિચારધારાને લોકભોગ્ય બનાવનારા પૂ પાંડુરંગ શાસ્ત્રીના વિશિષ્ટ પ્રયોગોની સંક્ષિપ્ત જાણકારી મેળવીએ.....




- સ્વાધ્યાય : આઝાદીની ચળવળ વખતે લોકમાનસને જાગ્રત કરવા ગાંધીજીએ પ્રાર્થના પ્રવચનો, 'યંગ ઈન્ડિયા' અને 'હરિજન' નામનાં મુખ્પત્રોને માધ્યમ બનાવ્યાં. પૂ. દાદાએ સ્વાધ્યાય થકી ગીતા-ઉપનિષદ તથા અન્ય વૈદિક વાંગ્મયના તેજસ્વી વિચારો દ્વારા માનવ જીવનને ઉધ્વગામી બનાવવાનો રાહ દેખાડ્યો. સ્વાધ્યાય એટલે સ્વ – સ્વરૂપ, સ્વ – કર્તવ્ય અને સ્વ – શક્તિનું અધ્યયન. તેની સમજણ મેળવી તે પ્રમાણે પ્રામાણિક આચરણની જાગરૂકતા. જીવન – જગત ને જગદીશ તરફ જોવાનો વિધાયક દ્રષ્ટિકોણ ખીલવે છે. સર્વધર્મ સ્વીકારની ભાવના.
- ભક્તિફેરી : ટાઈમ – ટીકીટ-ટીફીન લઈ નિરપેક્ષ, નિરાકાંક્ષ ભાવે પ્રભુ પ્રત્યેની કૃતજ્ઞતાથી દૈવી ભ્રાતૃભાવની સમજણ લઈ ગામડાઓમાં ફરવું. સન ૧૯૫૮માં ૧૮ યુવાનોએ ભક્તિફેરીની શરૂઆત કરી. આજે લાખોની સંખ્યામાં કૃતિશીલ સ્વાધ્યાયીઓ ભક્તિફેરી કરતા થયા.
- ત્રિકાળ સંધ્યા : સંધ્યા એટલે સંધિકાળ. સવારે ઉઠીએ- જાગ્રત થઈએ એ સુષુપ્તિ અને જાગ્રત અવસ્થાનો સંધિકાળ, જમતી વખતે બપોરનો મધ્યાહ્નનો સમય એટલે અતૃપ્તિ અને તૃપ્તિ વચ્ચેનો સંધિકાળ અને રાત્રે સુવા સમયનો જાગ્રતિ અને સુષુપ્તિ વચ્ચેનો સંધિકાળ. ચોવીસ કલાક નહિ તો આ ત્રણ વખતે સ્મૃતિદાન-શક્તિદાન અને શાંતિદાન પ્રદાન કરનારી ઈશશક્તિનું કૃતજ્ઞતા પૂર્વક્ રટ્ટહા રૂૈ કહી સ્મરણ કરવું તે ત્રિકાળ સંધ્યા.
- D.B.T : (Devine Brain Trust) divinity નો આધાર લઈ વિચાર કરવાની યુવાનોની બુદ્ધિને ટેવ પડે એવી યુવા પ્રવૃત્તિઓ યુવાકેન્દ્રો મારફતે યુવાનો સંભાળે છે.
- વયસ્થ સંચલનઃ વયસ્થ એટલે વયમાં સ્થિર થયેલા. નોકરી ધંધે કામે લાગેલા સંસારમાં સ્થિર થયેલા વીસ બાવીસ વર્ષથી પિસ્તાળીસ વર્ષ સુધીના યુવાનો ત્રિકાળ સંધ્યા કંઠસ્થ કરી જીવનમાં વણી લે......
- ભાવફેરીઃ રોજ રાત્રે દોઢ બે કલાક ભક્તિભાવે નિરપેક્ષ ગામમાં મળવા જવું તે વારંવાર મળવાથી ભાવવૃદ્ધિ થાય ને સંબંધ બંધાય ને ભાવ વધે.
- સાંસ્કૃતિક જીર્ણોદ્ધાર :

પૂજ્ય દાદાએ બુદ્ધિ પ્રમાણ્યને મહત્વ આપ્યું. Reason based ધર્મનો આગ્રહ સેવ્યો. ધર્મની સાચી સમજ સમાજના છેવાડાના માણસ સુધી પહોંચે તો જ સમાજ ને રાષ્ટ્ર ઉન્નત થઈ શકે. પૂ.દાદાને મન ધર્મ એટલે જે માણસને ઉભો કરે, કૃતજ્ઞતા, અસ્મિતા અને તેજસ્વીતા નિર્માણ કરે. માણસનું ભાવ જીવન પુષ્ટ કરે. માણસ એકબીજાની નજીક આવે, પ્રેમ તંતુથી બાંધે તે ધર્મ.

અનુસંધાન પાના નં. ૭ પર